# ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિ

"રાજીવ ગાંધી ભવન" સંસ્કાર કેન્દ્ર માર્ગ, વી.એસ. હોસ્પિટલ પાસે, એલિસબ્રીજ,અમદાવાદ-૩૮૦૦૦૬.
ફોન : ૦૭૯-૨૬૫૭૮૨૧૨-૨૧૩,૨૬૫૭૮૧૬૧,૨૬૫૭૮૩૧૧ ફેક્સ : ૦૭૯-૨૬૫૭૯૫૮૯

Web : www.incgujarat.com E – mail : gpcc1234@gmail.com


**અખબારી યાદી** **૧૪-૦૯-૨૦૨૪**

- **મોદીએ ખાત મુહર્ત કરેલ કલ્પસર યોજના એ તેનો "ડ્રીમ પ્રોજેક્ટ" હતો, જે આજે મરણ પથારીએ. - મનહર પટેલ**
- **ભાવનગરના ગુંદાળા થી ભરુચના દેવલા વચ્ચે ખંભાતના અખાત ઉપરના ખાડીના પુલની યોજનાનુ કોંગ્રેસનુ સપનુ અભેરાય ચડાવી દીધુ – મનહર પટેલ**
- **ભાજપાના મોદીએ ચુંટણી જીતવા પોતાના "ડ્રીમ પ્રોજેક્ટ" નુ સપનુ દેખાડીને ભાવનગરની જનતાને ધોળે દિવસે છેતરી.- મનહર પટેલ**

આજે ભાવનગર કે સૌરાષ્ટ્રને કલ્પસર યોજનાની ખુબ જરુર છે ત્યારે સપના દેખાડીને આવી આશાસ્પદ યોજનાને ટલ્લે ચડવવાના કરસ્તાન પાછળ કોણ છે ? આજે આ યોજના પાછળ રાજ્યની તેજુરીમાથી કરોડોના ખર્ચે થઈ રહ્યો છે અને સર્વેના કામમા એક પેઢી જેટલો સમય કેમ વિત્યો ? સાહેબના ડ્રીમ પ્રોજેક્ટ ઉપર ભાજપા સરકારને કોઇ ગંભીરતા નથી. ?

દેશના પહેલા વડાપ્રધાન પંડીત જવાહરલાલ નહેરુએ સરદાર પટેલનુ નામ જોડીને ગુજરાતની જીવાદોરી નર્મદા યોજનાનુ ખાતમુહર્ત કરેલ. ત્રણ રાજ્યોની આ યોજનાને વિલંબમા નાખવાની ખુબ યોજનાઓ તત્કાલિન વિપક્ષની મહેરબાનીથી થયેલ પરંતુ એ પુર્ણ થઈ અને ગુજરાતની જનતા માટે ન ભુતો ન ભવિષ્યતી જેવી રાષ્ટ્રીય યોજના કોંગ્રેસના નેતાઓની દિર્ઘદ્રષ્ટીથી સાકાર થઈ છે. સામાન્ય સવાલ અનેક ગુજરાતીઓને થાય છે કે કોંગ્રેસને બદનામ કરનારી ભાજપાની સલ્તનતને તેના ૨૭ વર્ષમા કેમ ક્યારેય આવી કોઇ એક મોટી સિંચાઈ યોજનાનો પાયો નાખવાનો વિચાર ન આવ્યો ? નર્મદામા અનેક ખામી અને ખોટ કાઢીને રોડા નાખનારી ભાજપા સલ્તનત એક રાજયને લાગુ પડતી કલ્પસર યોજના માટે કેમ કોઇ શબ્દ બોલવા તૈયાર નથી.?

થોડી હકીકત જનતાની સામે મુકવા માંગુ છુ કે ભાવનગરના ગુંદાળાથી ભરુચના દેવલા ગામ સુધીના ખંભાતના અખાતના દરીયાની ખાડીનો ૧૮ કીમી લાંબો પુલ બાંધવાની યોજના ૧૯૯૦ મા મંજુર થઈ ગઈ હતી, તત્કાલિન ગુજરાતની કોંગ્રેસની સરકારે સર્વેક્ષણો અને ટેકનિકલ ચકાસણી બાદ ૭૧૧ કરોડના ખર્ચવાળા આ પ્રોજેક્ટને કેન્દ્રીય આયોજન પંચે રોડ કમ રેલ્વેની મંજુરી આપી હતી, ઉપરાંત ઇંગ્લેન્ડ,ફ્રાંસ અને જર્મનીની એજન્સીઓના અહેવાલ બાદ તત્કાલીન રાજ્ય સરકારની વસોયા સમિતિએ આ યોજના સાકર કરવાની લીલીઝંડી આપતો અહેવાલ આપેલ હતો, આ ખાડી પુલની યોજનામા ભાવનગરના ગુંદાળા થી ભરુચના દેવલા વચ્ચે ખંભાતના અખાત ઉપરના આ પુલના પ્રોજેક્ટની લંબાઇ ૧૮ કીમી હતી, ૧૨ કીમી એપ્રોચ રોડ,પુલ પર રોડ - રેલ્વે ટ્રેક, પુલની નીચે ગેસ-પાણીની પાઈપ લાઈન પસાર થનાર હતી, અને માત્ર ભાવનગર નહી પરંતુ સમગ્ર સૌરાષ્ટ્રના વિકાસ માટે પ્રાણવાયુ બની શકે તેવો આ પ્રોજેક્ટ હતો. પરંતુ આતો કોંગ્રેસ સરકારની યોજના છે એ કેમ ચલાવી લેવાય આ માનસિકતાએ સૌરાષ્ટ્રના વિકાસ માટે પ્રાણવાયુ સમાન ખાડીના પુલની યોજનાને અભેરાય પર ચડાવીને વિષ્ણુના ૧૧ મા અવતારે કલ્પસર યોજનાના નામે ડ્રીમ પ્રોજેક્ટનુ સપનુ દેખાડ્યુ, આજે રાજ્ય સરકારે તેને મરણ પથારીએ મુકી દીધો પરંતુ ભાવેણાવાસીઓના ઘરે કલ્પસરના ડ્રીમ પ્રોજેક્ટના સપનાનુ ગાજર લટકે છે.

ભાવનગર અને સૌરાષ્ટ્રને વિકાસથી વંચિત રાખવાનો ભાજપા સરકારનો આ કારસો સમજદારી ભર્યો છે "ખાડી પુલ" પ્રોજેક્ટ હાથ ઉપર લેવો નથી અને કલ્પસરનો ડ્રીમ પ્રોજેક્ટ પુરો કરવો નથી. નિર્દોષ ભાજપાના એક આગેવાને નામ ન આપવાની શરતે કહ્યુ કે અમારા મોટા નેતાઓને છાસ વારે સપના આવે છે કેટલા પુરા કરે ? એટલે આપણે સમજી જવુ જોઇએ કે ભાજપા નેતાઓને આવા મહાન સપના આવ્યે જ રાખશે એવા સપનામા જનતાનો કોઇ ઉદ્ધાર નથી, એટલે ભાજપાને જવાબ દેવા માટે જનતાને સમજદારી ભર્યા સપના આવે ત્યારે જ વિકાસને પગ આવશે.

કોંગ્રેસ પક્ષની સીધી માંગ છે કલ્પસર યોજનાની ખરી હકીકત જનતાની સામે મુકો અને "ડ્રીમ પ્રોજેક્ટ"ને પુર્ણ કરો.

મનહર પટેલ

**મનહર પટેલ**
**પ્રવકતા,ગુજરાત કોંગ્રેસ**